# મનહર મોદીની ગઝલમાં આધ્યાત્મિકતા

**વિજય નાડિયા**
**પીએચ.ડી. સ્ટુડન્ટ,**
**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત**
**યુનિવર્સિટી, પાટણ**

શ્રી ચંદ્રકાંત શેઠ 'એક વધારાની ક્ષણ' ના લેખમાં નોંધે છે કે આ કવિ યૌગિક તેમજ રૂઢ બેય અર્થમાં 'વિચિત્ર માર્ગ' ના કવિ છે. કવિ તો છે જ પણ કોઈના જેવા ન થઈ જવાય એના નશામાં ઝૂમતાને ઝઝૂમતા એવા કવિ ! તેઓ શબ્દ વાપરતાં, શબ્દની પકડમાં પૂરા રહે એવી માટીનાં તો નહિ જ.

કવિ મનહર મોદીએ ગઝલને અનેક પરિણામે તપાસીને તેમાં ઘણા પ્રયોગો કર્યા છે. અહીં જે ગઝલ છે તેમાં કવિએ આધ્યાત્મિક ચિંતન પ્રકટ કર્યું છે. પ્રાર્થનાનો ધ્વનિ પણ સંમિલિત થઈને પ્રકટતો સંભળાય છે.

તેજને તાગવા, જાગને જાદવા,
આભને પામવા, જાગને જાદવા.
શૂન્ય છે, શબ્દ છે, બ્રહ્મ છે, સત્ય છે,
ફૂલવા ફાલવા, જાગને જાદવા.(પૃષ્ઠ-૬૫)

ભગવાન શ્રી કૃષ્ણના જન્મ પ્રસંગને કેન્દ્રમાં રાખીને અનેક રચનાઓ લખાઈ છે. તેમાંની એક આ રચના છે. સ્વયં તેજ છે, અને તે તેજને આભ સુધી વિસ્તરતુ જોઈ શકાય છે. જાગને જાદવા રચના મનહર મોદીની શ્રેષ્ઠ આધ્યાત્મિક રચના છે. પ્રભાતિયા સ્વરૂપે લખાયેલી આ રચના ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર છે.

એક મીંડું અંદર બેઠું છે,
એ આખી દુનિયાને તાગે.
(અગિયાર દરિયાં) (પૃ-૮)

ભીતરમાં રહેલું કોઈ તત્વ ભલે મીંડું હોય પરંતુ તેના ઉપર સમગ્ર શરીરનો આધાર રહેલો છે. ભીતરમાં રહેલુ એ શૂન્ય, ભીતર બેઠાં-બેઠાં આખી આલમનો તાગ મેળવી લે છે. તેનાથી કશુંય છુપું કે છુપાયેલુ રહેતું નથી. કારણ કે તે સ્વયં અજવાળુ છે. એ જ બાબતને આગળના શેરમાં જોઈએ તો....

અજવાળું અજવાળું છે,
ઓળખીએ ઊછળતી ક્ષણ.
(અગિયાર દરિયાં) (પૃ-૧૬)

એક એવું અજવાળુ જેને શોધવામાં જીંદગી આખી પસાર થઈ જાય તેમ છતાં તે ન મળે એવું અજવાળુ કોઈ એકાદ એવી સુખદ ક્ષણે જો તેના દર્શન થઈ જાય તો તેને ઓળખવું જોઈએ, એવું કવિ સૂચવે છે.

નથી હોતું કશું જોવાપણું ક્યારેય શ્રધ્ધામાં,
ઘણાં પગલાં વટાવી જાઉં છું એકાદ પગલામાં
(અગિયાર દરિયાં) (પૃ-૮)

શ્રધ્ધાનો વિષય હોય છે, ત્યારે કોઈ પૂરાવા કે દસ્તાવેજની જરૂર પડતી નથી. જેની શ્રધ્ધા સાચી છે, તેને કંઈ જોવાપણું પણ હોતું નથી. સાચી શ્રધ્ધાથી જીવનારો માણસ જોજનો સુધી પોતાની વિકાસગાથા લઈ જઈ શકે છે. માત્ર એકાદ ડગલું ભરે છે ને ઘણાં બધાં ડગલાં ભરાઈ જાય છે.

આ ઘર ઓ ઘર ને એ ઓ ઘર,
ના મારું કે જા તારું છે.(પૃ-૧૭)
આભ અને એથી ઊંચે તું,
પંખી કેવું ઊડનારું છે !(પૃ-૧૭)
પડવું, ઊઠવું, ચાલ્યા કરવું,
ભઈલાજી, આ સંસારું છે.
(મનહર અને મોદી) (પૃ-૧૭)

દેહ નાશવંત છે. ને જગત સાસ્યત છે. ગીતામાં કહ્યું છે તેમ શરીર જેમ કપડાં બદલે છે તેમ આત્મા શરીર બદલે છે. કવિ સ્પષ્ટ કહે છે કે આ જગતમાં કોઈનું કશું જ નથી. કોઈ કયારેય કશું સાથે લઈ જવાનું નથી. સચરાચર જગત એની એજ સ્થિતિમાં રહે છે. નિરંતર જગતમાં પરમાત્મા અને આત્મા બંને એકબીજાનાં અન્યોઅન્ય છે. કવિ કહે છે કે આભ ઉંચું છે. અને તેની પણ ઉપર ઉડનારું પંખી ઉંચું છે. એટલે કે પરમાત્માથી પણ કયારેક આત્માઓ ઉત્તમ કોટીમાં બની જાય છે. એટલે કે માનવી ઈશ્વરથી પણ તેનાં ભક્તિ કર્મને લીધે ચડિયાતો બની જાય છે. આ સંસારમાં ઉન્નતી અને અધોગતિ, સુખ અને દુઃખ, ચડવું અને પડવું, ધનવાન અને ગરીબી આવી તમામ અવસ્થાઓ ક્રમાનુસાર ચાલ્યાં જ કરવાની કારણ કે આ સંસાર છે.

ચિત્ત ચોંટે તો બંધુયે આવડે,
પ્રશ્ન છે સીધો ને સટ, તૈયાર થા.
(મનહર અને મોદી) (પૃ-૨૧)

ઈશ્વરની શોધ અવિરત છે. એને મેળવવો ખુબ અઘરો છે. ગુરૂ નાનકજીની જેમ ઈશ્વર ભજનમાં જો ચિત્ત ચોંટી જાય તો ઈશ્વરને પામી શકાય છે. પ્રભુ સ્મરણ મનોમન અને મનની શુધ્ધિ સાથે કરવામાં આવે તો તે તમામ પ્રશ્નો ઉકેલાઈ જાય છે. ઈશ્વરને પામવું એ શુધ્ધ ચિત્તનું આભારી છે.

આઠ પ્રહર ઉજાસ મારો લક્ષ્યવેધ છે,
અંદર જઈને જોઉં ! પછી ઝણઝણી લઉં ?
(મનહર અને મોદી) (પૃ-૩૨)

આઠ પ્રહર ઉજાસનાં લક્ષ્યવેધમાં રહે છે. બહારનાં તમામ ઉજાસને સરખાવવાં જયારે અંદરના ઉજાસની વાત કરીએ ત્યારે સાવ ખળભળી જવાય છે. અંદરના તેજ સામે બહારના તત્વોના તેજ સાવ ઝાંખાં પડે છે. ફરી-ફરીને અંદર ડોકિયું કરવું પડે છે. કારણ કે તમામ તત્વોનું તેજ અંદર જ રહેલું છે.

એજ ખરું છે એજ સત્ય છે અંતિમ ટાણું,
પોતાનું હોવું ના હોવું ગજવે ઘાલ્યું.
(મનહર અને મોદી) (પૃ-૪૭)

ગીતામાં કહ્યું છે તેમ જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. જીવનમાં કયારેય શું થવાનુ છે તેના વિશે સત્ય કશું કહિ શકાતુ નથી, પરંતુ અંતિમ ટાણું આવવાનું છે. એ ખરેખર સત્ય છે. તેથી જ કવિ કહે છે કે આ જીવનમાં માનસનું હોવાપણું કે ના હોવાપણું વચ્ચે કોઈ ભેદ નથી. કારણ કે અંતિમ ટાંણું તો એક દિવસ તમામનું આવવાનું જ.

સૂરજમાં ચંદ્ર બોલીને મને પિવડાવજે સાકી !
તિમિરમાં તેજ ઢોળીને મને પિવડાવજે સાકી !
ગગન આખું ગટાગટ છે છલકતાં જામનો પ્યાલો,
ઊંઘણશી આંખ ચોળીને મને પિવડાવજે સાકી !
મુસાફર છે તો રસ્તો છે ને એ તો ખૂબ ચાલે છે
ઉભયનો થાક તોળીને મને પિવડાવજે સાકી !
(મનહર અને મોદી) (પૃ-૫૪)

ઈશ્વરના સાનિધ્યમા રહેવાની ભાવના ઉપરના તમામ શેરોમાં રજૂ થઈ છે. સૂરજ ચંદ્ર સાથે અને તેજ તિમિર સાથે ધોળીને ઈશ્વરીય તત્વ પિવાની વાત કરવામાં આવી છે. ઈશ્વરને પામવામાં ખૂબ લાંબો સમય થઈ જાય છે. થાક પણ લાગી જાય છે. પરંતુ આ થાકને પણ તોડીને ઈશ્વર સુધી પહોંચવાની વાત કરે છે.

રહે છે રોજ મહેફિલમાં ને એનું નામ સાકી છે,
છતાં ભગવાનવાળી છે, ઉઘાડી રાખજે બારી.(પૃ-૫૭)
તમે પોતે અમારું સત્ય છો, સુંદર અને શિવ પણ,
હકિકત એ નિરાળી છે, ઉઘાડી રાખજે બારી.(પૃ-૫૭)
બધે તું છે, બધું તારું, ભલે તું હોય કે ના હો,
બધે ઝળહળ નિહાળી છે, ઉઘાડી રાખજે બારી.
(મનહર અને મોદી) (પૃ-૫૭)

જેનું નામ રોજ સતત લેવાતું રહે છે એવા સાકી આખી મહેફિલમાં મસ્ત રહે છે. હે ભગવાન ! ઈશ્વર ! તારા નામની એક બારીનુ ઉઘાડી રાખજે, કારણ કે જીવનમાં અનેક વિટંબણાઓમાંથી પાર ઉતરવા માટે તારો જ આશરો જરૂરી છે. હે પ્રભુ ! તમે અમારા માટે સત્ય, શિવ અને સુંદરની તત્વત્રથી છો. આપની દ્વારા જ આ સઘળા સૃષ્ટિનો આધાર છો. આ નિરાળી સૃષ્ટિને નિહાળવાં આપ અમને ઉત્તમ દૃષ્ટિ આપજો. બધે તમે વસેલાં છે. અને બધું જ તમારું છે. આ સઘળાં જગતને ઝળહળવા માટે આપ એક બારી રાખજો.

માણસ છો તો માણસ રહીને કરજો એવાં કામ,
ઈશ્વર જોવા દોડી આવે, બોલે ઝીણા મોર.
(મનહર અને મોદી) (પૃ-૬૨)
સૌનો પાલનહાર, ખુદાજી
વરસે ઝરમરદાર, ખુદાજી.
(મનહર અને મોદી) (પૃ-૬૩)

માણસ સારા કામ કરીને માણસ બને છે. ઈશ્વરના સમીપ પહોંચવા માટે સારા કર્મો કરવાં ખુબ જરૂરી છે. તોજ ઈશ્વરીય બોલ અને ઈશ્વરીય તત્વને પામી શકાય છે. કવિ એટલે જ આંખે બોલે ઝીણાં મોર કહે છે. સૌના પાલનહાર એવાં ખુદાને કહે છે કે સતત ઝરમરદાર રહેજો અને સૌનું કલ્યાણ કરતાં રહેજો.

મનહર મોદીની ગઝલોમાં આધ્યાત્મિકતા ભાવ જોતા પ્રાર્થનાભાવ વિશેષ જોવા મળે છે. આત્મા, પરમાત્મા, જન્મ-મરણ, જેવાં વિષયોને ઉઘાડ આપે છે. ઈશ્વરની પ્રાપ્તી, ઈશ્વરના સાનિધ્ય, ઈશ્વરની ભક્તિ અને ઈશ્વર મિલન વગેરેનું બયાન કર્યું છે. ઈશ્વર દ્વારા સચરાચર જગતનુ કલ્યાણ થાય તેવી ભાવનામય ગઝલોનું સર્જન કર્યું છે. દેખાવથી જ દાઢીધારી સાધુ જેવા લાગતા આ કવિ તત્વના તેજને તેમની ગઝલોના ટોપલામાં પુરીને નિકળેલાં છે. આધ્યાત્મિક ગઝલકાર તરીકે પણ તેમની વિચાર શૃંખલા નરસિંહ, કાલિદાસ, ગંગાસતી, જ્ઞાનદેવ, ગુરૂનાનક વગેરે સાથે સંકળાયેલ છે.

## સંદર્ભ

૧. શેઠ,ચંદ્રકાન્ત એક વધારાની ક્ષણ (કેટલીક ડિસ્ટર્બિંગ સ્વાદિષ્ટ ક્ષણો)
૨. મોદી,મનહર અગિયાર દરિયા
૩. મોદી,મનહર મનહર અને મોદી
૪. ટોપીવાળા,ચંદ્રકાન્ત ૐ તત્‌સત્, લેખ : મનહર મોદીની બે રચનાઓ